_ખાનગી_

*અખિલ ભારતીય સેવાના અધિકારીઓ/
ખાતાના વડા જેવા ઉચ્ચ અધિકારીઓ
સામેના આક્ષેપો અંગે તકેદારી
આયોગની તપાસ બાબત.*

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક-ગતપ-૩૦૮૨-૯૪૮-હ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૨.

**પરિપત્ર**

ગુજરાત તકેદારી આયોગ તરફથી અખિલ ભારતીય સેવાના અધિકારીઓ/ખાતાના વડા જેવા ઉચ્ચ અધિકારીઓ સામેના આક્ષેપોની તપાસ લાંચ રુશ્વત વિરોધી ખાતાને કે અન્ય કોઇ તપાસ એજન્સીને સોંપવામાં આવે ત્યારે જે તે તપાસ એજન્સીને સંબંધિત વિભાગ/કચેરી પાસેથી તપાસને લગતું જરૂરી રેકર્ડ/કાગળો મેળવવાનું આવશ્યક બને છે. તપાસ એજન્સીને જરૂરી રેકર્ડ સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ થઇ શકે તે માટે સરકારે તકેદારી આયોગ સાથે પરામર્શ કરીને એવું ઠરાવેલ છે કે તકેદારી આયોગ તરફથી આવા ઉચ્ચ અધિકારીઓ સામે લાંચ રુશ્વત વિરોધી ખાતાને કે અન્ય કોઇ તપાસ એજન્સીને તપાસ સોંપવામાં આવે ત્યારે તેની સાથે સાથે તે અંગે તકેદારી આયોગ તરફથી સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને પણ તેનાથી વાકેફ રાખવામાં આવશે. ભારતીય વહીવટી સેવાના અધિકારીઓ સામેની તપાસ સંબંધમાં નિસ્બતકર્તા વહીવટી વિભાગ, જેમ કે કલેક્ટર અંગે મહેસુલ વિભાગ, જિલ્લા વિકાસ અધિકારી અંગે પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, ભારતીય પોલીસ સેવા અંગે ગૃહ વિભાગ, ભારતીય વન સેવા અંગે વન અને કૃષિ વિભાગને વાકેફ કરવામાં આવશે અને સાથે સાથે સામાન્ય વહીવટ વિભાગને પણ વાકેફ રાખવામાં આવશે.

૨. સંબંધિત તપાસ એજન્સીને તપાસની કામગીરી માટે જોઇતું રેકર્ડ સરળતાથી અને ઝડપથી પુરું પાડવામાં આવે તે જોવા આથી સચિવાલયના સર્વે વહીવટી વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

૩. આ હુકમો ગુજરાત તકેદારી આયોગના પત્ર નં. વીએલસી-૧૦૮૨-અ, તા. ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૮૨થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્ર. ગ. ગુપ્તે**
સરકારના નાયબ સચિવ